# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR NATIONAL CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન પરની બે દિવસની રાષ્ટ્રીય પરિષદનો આજથી પ્રારંભ થયો. પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિક કેન્દ્રિત અભિગમ કેળવવા અને પાયાના સ્તરે જમીન અધિકાર સુનિશ્ચિત કરવા જમીન રેકર્ડના ડિજિટાઈઝેશન અને જમીની વહીવટમાં વિવિધ સ્વદેશી ટૅક્નૉલોજી સાધનોના ઉપયોગ પર ભાર મૂક્યો.

(બાઈટ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રીએ કહ્યું, આ પરિષદ રાજ્યોની શ્રેષ્ઠ પ્રથાઓની એકબીજા આપ-લે કરવા એક મંચ પૂરું પાડવાની સાથે-સાથે દેશમાં જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત બનાવશે.

ઉદ્દઘાટન સમારોહમાં નવી મહેસૂલ કચેરીઓનું ઉદ્ઘાટન , "મહેસૂલ ડાયરી" અને સંકલિત જમીન વહીવટ પ્રણાલિનું વિમોચન તેમજ વિચરતી જાતિઓને સ્વામિત્વ કાર્ડનું વિતરણ કરાયું. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયના ભૂમિ સંશાધન વિભાગ દ્વારા આયોજિત આ પરિષદમાં જમીન રેકર્ડ અને સુધારા , મહેસૂલ અદાલત, પુનઃસર્વેક્ષણ પ્રયાસ, આપત્તિ વ્યવસ્થાપન અને જમીન વહીવટ માટે માનવ સંશાધન સહિતના વિષય પર ચર્ચા સત્ર યોજાશે.

ઉલ્લેખનીય છે કે , આ પરિષદમાં વિવિધ રાજ્યોના મહેસૂલી વિભાગના પદાધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

. . . . . .

# ASHWINI VAISHNAV SURAT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે સુરતમાં ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝની મુલાકાત લીધી. તેઓ વિશેષ ટ્રેન દ્વારા સુરત રેલવે મથક પહોંચ્યાં હતાં.

. . . . . .

# JAGDISH VISHWAKARMA BJP CHIEF

સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ બનશે. આ પદ માટે આજે તેમના સિવાય અન્ય કોઈએ ઉમેદવારી નથી નોંધાવી. બપોરે 2 વાગ્યે ઉમેદવારીપત્ર ભરવાનો સમય પૂર્ણ થવા સુધી શ્રી વિશ્વકર્માએ જ ઉમેદવારી નોંધાવી છે. હવે આવતીકાલે વિધિવત્ રીતે ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે જગદીશ વિશ્વકર્મા પદગ્રહણ કરશે.

. . . . . . . .

# PATAN SWADESHI

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં આજે પાટણમાં ખાદી ખરીદી કાર્યક્રમ યોજાયો. તમામ લોકો હિંગળા ચાચર ચોકથી વાજતેગાજતે પગપાળા ત્રણ દરવાજા નજીક આવેલા ખાદી ભંડાર ખાતે પહોંચ્યા હતા. આ પ્રસંગે શ્રી રાજપૂતે ખાદી ખરીદવા અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા લોકોને પ્રોત્સાહિત કર્યા હતા.

(BYTE: BALVANTSINH RAJPUT, CABINET MINISTER)

. . . . . .

# DANG GRAMSABHA

મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ડાંગની 100 ગ્રામ પંચાયતમાં મહા ગ્રામસભા યોજાઈ. બારીપાડા અને સાકર-પાતળ ગામમાં આદિજાતિ મંત્રાલયના ઉપસચિવ પી. હૌકિપની અધ્યક્ષતામાં યોજાયેલી ગ્રામસભામાં આદિ કર્મયોગી અભિયાન અને આદિ સેવા કેન્દ્ર તેમજ મહિલાઓ અને બાળકોને લગતા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. સાથે જ ગામના સર્વાંગી વિકાસ માટે સમાવેશક અને સહભાગી આયોજનને સુનિશ્ચિત કરાયું.

ગ્રામસભામાં બાળલગ્ન જેવી સામાજિક બદીને જડમૂળમાંથી દૂર કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ઉપરાંત દરેક ગ્રામ પંચાયતમાં ગામને સંપૂર્ણ બાળલગ્નમુક્ત બનાવવાનો સર્વસંમતિથી ઠરાવ પસાર કરાયો.

. . . . . .

# RAJKOT TRAIN CANCEL

વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રૅન ટૅક્નિકલ કારણોસર આ રવિવારે પાંચ ઑક્ટોબરે રદ રહેશે. પ્રવાસીઓ આ ફેરફારને ધ્યાને રાખી પોતાની યાત્રા કરે અને ટ્રૅનના સંચાલન સંબંધિત વિગત માટે સત્તાવાર વૅબસાઈટની મુલાકાત લેવા સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . .

# STATE WEATHER

હવામાન ખાતાએ આગામી નવ તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે કચ્છ , ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. બીજી તરફ , રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં આજે બપોરે 12 વાગ્યા સુધીમાં ચાર તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે.

રાજ્યના મોટા ભાગના બંધ પણ સંપૂર્ણ છલકાઈ ગયા છે. તેવામાં દક્ષિણ ગુજરાતની જીવાદોરી ઉકાઈ બંધ આ વર્ષે ફરી તેની સંપૂર્ણ સપાટીએ પહોંચી ગયો છે. ઉપરવાસમાંથી 40 હજાર 322 ક્યૂસેક પાણીની આવક થતાં હાલ બંધની સપાટી 345 ફૂટ સુધી પહોંચતાં બંધના ત્રણ દરવાજા ત્રણ ફૂટ ખોલી પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. સાથે જ આગામી દોઢ વર્ષથી પણ વધુ સમય માટે પીવાના, સિંચાઈ અને ઔદ્યોગિક હેતુ માટેનો પર્યાપ્ત પાણીનો જથ્થો બંધમાં ઉપલબ્ધ હોવાથી દક્ષિણ ગુજરાતના લોકોને રાહત થઈ છે.

. . . . . . . .